આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

જે માણસ મૌન નો અનુવાદ કરે છે એ સૌથી મોટો અનુવાદક છે - ઓશો

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૬ | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૩, સોમવાર; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

નાયબ ચૂંટણી કમિશનર ગાંધીનગર આવશે

ડૉ. વિનોદ ઝુત્સી ગુજરાતની મુલાકાતે : લોકસભાની ચૂંટણી અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે; આજે ખાસ ઝુંબેશ અભિયાનમાં ૧૧૫૧ નવા નામ દાખલ કરવાની અરજીઓ મળી

ગાંધીનગર, તા.૧૫

ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશનર ડૉ. વિનોદ ઝુત્સી આગામી ૨૧મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત તેઓ સમીક્ષા માટે ગાંધીનગર આવી રહ્યા છે. તેઓ ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીની મુલાકાત લેનાર છે. આ ઉપરાંત ઈ ગ્રામમાં ઉભા કરાયેલ મતદાર સહાયતા કેન્દ્રોની પણ મુલાકાત લે તેવી સંભાવનાઓ છે.

ચૂંટણી પંચ દ્વારા ૬-૯-૨૦૧૩થી મતદાર યાદી સુધારણા ઝુંબેશનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. ડૉ. ઝુત્સીનો વિગવતાર કાર્યક્રમ હજુ તૈયાર થઈ રહ્યો છે પણ તેઓ ગાંધીનગર કલેકટર કચેરીની મુલાકાત લેશે ઉપરાંત ચૂંટણી અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક કરશે એ લગભગ નિશ્ચિત મનાઈ રહ્યું છે.

તેઓ ૨૧મીએ સવારે અમદાવાદ આવી સીધા ગાંધીનગર આવી પોતાની કામગીરી હાથ ધરશે. તેઓ મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી કરવાલ સાથે પણ બેઠક યોજી અને કાર્યક્રમની જાણકારી મેળવશે.

પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત આપવામાં આવેલા વિવિધ કાર્યક્રમો અંગે પણ એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

લોકસભાની આવી રહેલ સામાન્ય ચૂંટણીઓ પૂર્વ ડૉ. ઝુત્સીની આ મુલાકાતને અતિ મહત્વની લેખવામાં આવી રહી છે.

ગત સમાહે જ ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંગે એક વિડીયો કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. જેમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ સહિત વિવિધ ૧૦ જેટલા મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ગણપતિ વિદાય - વિસર્જન - ગણપતિ બાપાને વિદાય આપવા નગરના ભાવિકો નદી કિનારે ભારે ઉલ્લાસપૂર્વક માહોલમાં પહોંચ્યા હતા. ગણપતિ બાપાની મૂર્તિઓને નદીમાં પધરાવી ભાવિકો ભાવપૂર્વક પ્રાર્થી રહ્યા હતા અમારી ભાવભક્તિને સ્વિકારી આવતા વર્ષે વેળાસર પધારી ગાંધીનગરના જનજીવન ઉપર સતત કૃપા કરજો... વિઘ્નહર્તા દેવ વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવન સૌને કલ્યાણમય ભાવ અને કર્મ કરાવતા રહેશો એવી પ્રાર્થના સૌના હોઠ ઉપર પ્રગટતી હતી. (તસવીર સૌજન્ય : પાર્થ ઠક્કર)

જિલ્લા પંચાયતના એક્સટેન્શન બિલ્ડીંગમાં ત્રીજા માળનું બાંધકામ કરવામાં આવશે

પંચાયતના રિનોવેશન સહિત રૂ. ૭૦ લાખના ખર્ચ દરખાસ્ત તંત્ર તૈયાર કરી રહ્યું છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા એક્સટેન્શન બિલ્ડીંગમાં હવે ત્રીજા મજલાનું પણ નિર્માણ કરવા માટે પંચાયતના સત્તાવાળાઓએ આગળ વધવાનો નિર્ણય કર્યો છે અને આ માટે આગામી સામાન્ય સભામાં દરખાસ્ત પણ રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું હાલનું બિલ્ડીંગ ૧૯૭૮માં નિર્માણ પામ્યુ હતુ. જિલ્લાનું વિસ્તરણ થતાં અહિ કામગીરીનો બોજો પણ વધ્યો છે અને અધિકારીઓને પણ બેસવાની તકલીફ પડી રહી છે. રાજ્ય સરકારમાં પંચાયત માટે વધુ જગ્યા સાથે નવો પ્લોટ ફાળવવાની વારંવાર રજુઆતો ભીંતે માથુ પછાડવા જેવી થતાં સત્તાવાળાઓએ ખુલ્લી જગ્યામાં એક્સટેન્શન કરી બે માળનું બાંધકામ કર્યુ છે. હજુ પણ જગ્યાની તકલીફ પડતી હોવાથી પંચાયતની ઘણી શાખાઓ અન્ય સ્થળે બેસી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ત્રીજા માળનું બાંધકામ કરવામાં આવે તો તેનો ખર્ચ રૂ. ૩૦ લાખ જેટલો થવા જાય છે. આ ઉપરાંત હાલનું બિલ્ડીંગ જુનુ થયુ હોવાથી તેમાં રિનોવેશન પણ જરૂરી છે. આ ઉપરાંત કમ્પાઉન્ડ વોલ તુટી જવા પામી છે. આ બધુ કરાવવા પાછળ અંદાજે રૂ. ૭૦ લાખ જેટલો ખર્ચ થવાની સંભાવનાઓ છે.

તંત્ર દ્વારા આ અંગે દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે અને તે આગામી સામાન્ય સભામાં પણ રજુ થનાર છે.

રાજ્ય સરકાર સમક્ષ નવા બિલ્ડીંગ માટે વારંવાર રજુઆત કરવા પછી પણ પ્લોટ ફાળવવામાં ન આવતાં પંચાયત જગતમાં ઘેરા અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે. પંચાયત પાસે પાર્કિંગની સુવિધા નથી એટલુ જ નહિ કર્મચારીઓ માટે કેન્ટીન પણ નથી. આ ઉપરાંત ઘણી બધી અસુવિધાઓ વર્તમાન બિલ્ડીંગમાં છે.

પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન સ્વ. પ્રો. મંગળદાસ પટેલના પ્રશ્નના ઉત્તરમાં સરકારે જગ્યા ફાળવવાની હૈયાધારણ આપી હતી પરંતુ નક્કર કાર્યવાહી થઈ ન હોવાથી જિલ્લામાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બન્નેને બેસવાની તકલીફોનો સામનો કરી રહ્યા છે. જો કે હવે જિલ્લા કક્ષાની કચેરીઓ માટે નવુ ભવન નિર્માણ થયુ છે પણ કેટલી જગ્યા પંચાયતી રાજની આ સંસ્થાઓને ફાળવવામાં આવે છે તેના પર સૌની નજર ટીકી છે.

મા-બાપને ભૂલશો નહિ - ભારતીય સંસ્કૃતિના મંત્ર સમુ સૂત્ર ભૂસાતું જાય છે - ભૂલાતું જાય છે ત્યારે વૃદ્ધાશ્રમો વધતા જાય છે.... વૃદ્ધાશ્રમોના વડીલોને સામાજીક લાગણીઓની અનુભૂતિ માટે વિવિધ કાર્યક્રમો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા યોજાય છે... અમદાવાદના જાણીતા વૃદ્ધાશ્રમમાં સર્વે વડીલોના જન્મદિનની સામુહિક ઉજવણી કરાઈ હતી. જ્યાં કેક કાપી વડીલોને જન્મદિવસની અનોખી ખુશીની ભેટ અપાઈ હતી.

સિરીયલ બ્લાસ્ટ આરોપીને લવાતા નવી વિગતો ખુલશે

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ સિરીયલ બ્લાસ્ટ કેસના સંબંધમાં હવે કેટલીક નવી વિગતો પણ ખુલી શકે છે. કારણકે અમદાવાદ શહેર કાઈમબ્રાંચની ટીમ સ્ટુડન્ટ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડીયા (સીમી)ના પૂર્વ સભ્ય અબ્દુલ સત્તાર ઉર્ફે મન્સુરની કસ્ટડી મેળવી ચુકી છે જેથી હવે કેટલીક નવી વિગતો સિરીયલ બ્લાસ્ટના મામલામાં ખૂલે તેવી શક્યતા દેખાઈ રહી છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી પાસેથી સત્તારનો કબ્જો મેળવવામાં આવ્યો છે. સત્તાર ઈરનાકુલ્લમની જેલમાં હતો. કેરળમાંથી તેનો કબ્જો મેળવવામાં આવ્યો છે. સિરીયલ બોમ્બ બ્લાસ્ટના મામલામાં આરોપી મોહમ્મદ અન્સારના ભાઈ સત્તારે વર્ષ ૨૦૦૭માં સીમી દ્વારા આયોજિત ટ્રેનીંગ કેમ્પમાં પણ ભાગ લીધો હતો. આ ટ્રેનિંગ કેમ્પમાં સફદરનાગોરી પણ હતો. કાઈમબ્રાંચના અધિકારીઓના જણાવ્યા મુજબ ૨૯ વર્ષીય સત્તાર જે કેરળમાં અલુવાનો નિવાશી છે તેની યુએપીએ હેઠળ કેરળ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. એક મહિના અગાઉ જ તેની ધરપકડ કરાયા બાદ એનઆઈએ દ્વારા આતંકવાદી આરોપો મામલે તેનો કબ્જો લઈ લીધો હતો. ૨૬/૭ સિરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં તપાસ કરી રહેલી સિટી કાઈમબ્રાંચની ટીમે સત્તારની કસ્ટડીની માંગ કરી હતી. કારણકે તેના નામનો ઉલ્લેખ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા સિવીલ હોસ્પિટલ બ્લાસ્ટ કેસમાં કાવતરાખોર તરીકે કરાયો હતો. મળેલી માહિતી મુજબ સત્તારની સીમીની પ્રવૃત્તિ અને અન્ય બાબતો મામલે પુછપરછ કરાશે. સીમીના શખ્સો મોડેથી ઈન્ડીયન મુઝાહીદીનમાં જોડાયા હતા. દેશભરમાં આ સંગઠનની ઘણા બ્લાસ્ટમાં સંડોવણી રહેલી છે. મળેલી માહિતી મુજબ ઈરનાકુલ્લમ જેલમાં રહેલા સત્તારની કસ્ટડી મળી ગયા બાદ કેટલીક નવી વિગતો સપાટી પર આવી શકે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

ઉંચા તાપમાન અને ભેજથી શહેરમાં રોગચાળાનું પ્રમાણ વધ્યુ

ગાંધીનગર, તા. ૧૬

દિવસે ભારે ગરમી અને ઉકળાટ તથા ક્યારેક વરસાદી ઝાપટાના મિશ્ર વાતાવરણમાં રોગચાળાનું પ્રમાણ વધ્યુ છે. મચ્છરજન્ય રોગચાળા ઉપરાંત વાયરલ ફીવરના દર્દીઓ ખુબ જ વધી ગયા છે.

ગરમીનો પારો : ૩૬.૫ ● ભેજ : ૮૧%

આજકાલ ગાંધીનગરમાં મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. ક્યારેક ભારે ગરમી અને ક્યારેક વરસાદી ઝાપટાના કારણે રોગચાળો વકર્યો છે. છેલ્લા કેટલાક દિવસથી મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી વધુ નોંધાઈ રહ્યુ છે. જેના કારણે વસાહતીઓને ખુબ આકરી ગરમી સહન કરવી પડી રહી છે. આકરી ગરમીની સાથે સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ખુબ ઉંચુ રહેતા ઘરની બહાર નીકળો તો પરસેવાના રેલેરેલા ઉતરે છે. અકળાઈ જવાય તેવી ગરમી પડી રહી છે. આજે મહત્તમ તાપમાન ૩૬.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૧ ટકા અને સાંજે ૬૯ ટકા રહ્યુ હતુ. મિશ્ર વાતાવરણના કારણે મચ્છરોનો ઉપદ્રવ ખુબ વધ્યો છે. જેના કારણે શહેરમાં ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુનિયાના દર્દીઓ વધુ જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત વાયરલ ફિવરના કારણે પણ વસાહતીઓને દવાખાનાના ચક્કર કાપવા પડી રહ્યા છે.

મીનરલ વોટર પ્લાન્ટ
ઉત્પાદક - મહત્તમ વળતર
મેળવી આપતો વ્યવસાય
8511010101
D-11, Diamond Park, G.I.D.C., Naroda, Ahmedabad.
Ph: 22819065 / 22815161
INDIAN IOM EXCHANGE.COM

મા-બાપને ભૂલશો નહિ

પંદરમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. નેનભા કેશુભા વાઘેલા
સ્વર્ગવાસ તા. ૧૬/૯/૧૯૯૮

જીવન એવું જીવી ગયા કે, ખોમારા ખોયા કરે
સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહી...
ધુપસળીની માફક જીવનમાં સુગંધ મહેકાવી ગયા...
આપની પ્રમાણિકતા, સંસ્કારીતા અને પરોપકારી
સ્વભાવ અમારા જીવનની અમૂલ્ય મૂડી છે.
આપના આત્માની શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના...

લી.

ભારતસિંહ નેનભા વાઘેલા (પુત્ર) | સામંતસિંહ નેનભા વાઘેલા (પુત્ર)
રણજીતસિંહ નેનભા વાઘેલા (પુત્ર) | ધર્મેન્દ્રસિંહ ભારતસિંહ વાઘેલા (પૌત્ર)
ઈન્દ્રસિંહ ભારતસિંહ વાઘેલા (પૌત્ર) | દિલીપસિંહ સામંતસિંહ વાઘેલા (પૌત્ર)
યુવરાજસિંહ સામંતસિંહ વાઘેલા (પૌત્ર) | ઉદયસિંહ જીલુસિંહ વાઘેલા (પૌત્ર)
મહેન્દ્રસિંહ જીલુસિંહ વાઘેલા (પૌત્ર) | વિજયસિંહ રણજીતસિંહ વાઘેલા (પૌત્ર)

સમસ્ત નેનભા પરિવાર (પેથાપુર)
પાલેચા, મહુડી રોડ, પેથાપુર

નોંધ : પંદરમી પુણ્યતિથિએ બપોરે ૨ થી ૫ દરમિયાન અમારા નિવાસસ્થાને ભજનનો કાર્યક્રમ રાખેલ છે.